# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 16-06-2026** **EVENING: 7.10 TO 7.20**

**Day : TUESDAY** **Regional News**

**આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર પ્રવેશ અડિએચા વાંચે છે.**

*****************************************************

1. રાજ્યમાં TD અને DPT ત્રિગુણી રસીકરણ મહાઅભિયાનનો આજથી પ્રારંભ.
2. એક જ વર્ષમાં પાંચ કે તેથી વધુ વખત ચલણ ધરાવતા વાહનચાલકોનું ડ્રાઈવિંગ લાઈસન્સ તાત્કાલિક ધોરણે રદ કરાશે.
3. રાજ્યભરમાંથી પાંચ કરોડ રૂપિયાથી વધુનો અખાદ્ય જથ્થો જપ્ત.
4. 226 કરોડ રૂપિયાથી વધુના આતંકવાદી ફન્ડિંગ નેટવર્ક મામલે અમદાવાદથી વધુ એક આરોપીની ધરપકડ.
5. દક્ષિણ ગુજરાતમાં આવતીકાલથી બે દિવસ હળવા વરસાદની આગાહી.
6. સુરતમાં યોજાયેલી ગુજરાત સ્ટેટ પાવરલિફ્ટિંગ સ્પર્ધામાં કચ્છના બે ખેલાડીએ સુવર્ણ ચંદ્રક જીત્યા

…………………………………………………………

સમાચારને અંતે (આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# TD DPT VACCINATION

આરોગ્ય મંત્રી પ્રફૂલ પાનશેરિયાએ ગાંધીનગરની પી.એમ. શ્રી બોરિજ શાળા ખાતેથી ટીડી અને DPT ત્રિગુણી રસીકરણ મહાઅભિયાનનો પ્રારંભ કરાવ્યો. આ પ્રસંગે તેમણે પોલિયોની જેમ જ અન્ય ગંભીર બીમારીઓને નાબૂદ કરવા આરોગ્ય તંત્રની કટિબદ્ધતા વ્યક્ત કરી. તેમણે બાળકોને પૌષ્ટિક આહાર અને સ્વચ્છતાની ટેવ કેળવવા અનુરોધ કર્યો.

ગાંધીનગરમાં પત્રકારો સાથેની વાતચીતમાં શ્રી પાનશેરિયાએ લોકોને તબીબોના પ્રિસ્ક્રિપ્શન વગર દવાઓ ન લેવા અને ઓનલાઈન દવાઓ ન મગાવવા પણ અપીલ કરી છે.

ઉલ્લેખનીય છે કે, આરોગ્ય વિભાગ દ્વારા સગર્ભા માતાઓ અને બાળકોને 11 જેટલા ઘાતક રોગથી સુરક્ષિત કરવાના હેતુસર શરૂ કરાયેલા આ અભિયાન અંતર્ગત રાજ્યની 84 હજાર 295 શાળામાં અંદાજે 18 લાખ 75 હજાર જેટલા બાળકોને આવરી લેવા 48 હજાર 529 ટીડી રસીકરણ સત્ર યોજાશે.

# TRAFFIC NEW RULES

રાજ્યમાં એક જ વર્ષમાં પાંચ કે તેથી વધુ વખત ચલણ ધરાવતા વાહનચાલકોનું ડ્રાઈવિંગ લાઈસન્સ હવે તાત્કાલિક ધોરણે રદ કરાશે. કેન્દ્રીય મોટર વાહન નિયમોમાં કરાયેલા સુધારા મુજબ, ઇ-ચલણ માટે વાંધો કે ફરિયાદ કરવા 45 દિવસ અપાશે.

આ સમયગાળામાં કોઈ વાંધો રજૂ ન થાય તો ચલણ આપોઆપ સ્વીકૃત ગણાશે. તેમજ સમયસર ચલણ નહીં ભરાય તો વાહન પોર્ટલ પર વાહન બ્લોક કરી દેવાશે. રાજ્ય સરકારે નાગરિકોને ટ્રાફિકના નિયમોનું કડક પાલન કરવા અને બાકી ઈ-ચલણ સમયસર ભરી દેવા અનુરોધ કર્યો હોવાનું સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

# CM PATEL BHARUCH GNFC

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જાહેર ક્ષેત્રના એકમોને વધુ કાર્યક્ષમ, પારદર્શક અને સ્પર્ધાત્મકતા સાથે વ્યવસાયિક અભિગમથી તેમને નફાકારક બનાવ્યા છે.

ભરૂચમાં ગુજરાત નર્મદા વેલિ ફર્ટિલાઇઝર્સ અને કેમિકલ્સ લિમિટેડ – GNFCની સુવર્ણ જયંતીની ઉજવણી નિમિત્તે યોજાયેલા કાર્યક્રમને સંબોધતા શ્રી પટેલે પાંચ દાયકાની સફળતા બદલ GNFCને અભિનંદન પાઠવ્યા.

(BYTE: BHUPENDRA PATEL, CHIEF MINISTER)

# STATE FOOD ACTION

રાજ્યભરમાં ખાદ્ય અને ઔષધ નિયમન તંત્ર દ્વારા વિશેષ ઝૂંબેશ હેઠળ પાંચ કરોડ 89 લાખ રૂપિયાથી વધુની કિંમતનો બે લાખ કિલોથી વધુનો અખાદ્ય જથ્થો જપ્ત કરાયો.

એક વીડિયો સંદેશમાં ભેળસેળવાળા ખાદ્યપદાર્થ સામે શૂન્ય સહિષ્ણુતાનો પુનરોચ્ચાર કરતા આરોગ્ય મંત્રી પ્રફૂલ પાનશેરિયાએ કહ્યું, અમદાવાદ, ગાંધીનગર, સુરત, રાજકોટ સહિત અન્ય જિલ્લાઓમાં પણ તપાસ ચાલી રહી છે. તેમણે અખાદ્ય ખોરાક સામે કડક કાર્યવાહી યથાવત્ રહેવાની પણ સ્પષ્ટ સૂચના આપી.

(BYTE: PRAFUL PANSHERIYA,

HEALTH MINISTER)

# CYBER TERROR ARREST

ગાંધીનગર સ્ટેટ સાયબર ઑફ એક્સલેન્સ દ્વારા 226 કરોડ રૂપિયાથી વધુના આતંકવાદી ફન્ડિંગ નેટવર્ક મામલે અમદાવાદથી વધુ એક આરોપીની ધરપકડ કરવામાં આવી. આ આરોપી આતંકી સંગઠનો માટે ક્રિપ્ટો વોલેટનો ઉપયોગ કરતા F.I.R.માં જણાવાયેલા મુખ્ય આરોપીઓ સાથે નાણાકીય લેવડદેવડ કરતો હતો. સાથે જ તે સોશિયલ મીડિયા પર સંપર્ક કરી યુનાઈટેડ કિંગ્ડમમાં કેટલાક લોકોને કેફી પદાર્થની હેરાફેરી કરતો હોવાનું સ્ટેટ સાયબર ઑફ એક્સલેન્સના SP ડૉક્ટર રાજદીપસિંહ ઝાલાએ જણાવ્યું.

(BYTE: DR. RAJDEEPSINH JHALA, SP,

STATE CYBER CENTER OF EXCELLENCE)

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **Youtube** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **newsonair.gov.in/**સ્લેશ/**GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલોૅ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# 12 YEARS OF MODI GOVT- DISTRICT

કેન્દ્રમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સરકારના 12 વર્ષ પૂર્ણ થવા નિમિત્તે રાજ્યભરમાં "12 વર્ષ વિશ્વાસના, વિકાસના અને જનકલ્યાણના" અભિયાન હેઠળ વિવિધ કાર્યક્રમ યોજાઈ રહ્યા છે. તેના ભાગરૂપે અમદાવાદના બોડકદેવમાં પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ મંત્રી ઋષિકેશ પટેલની અધ્યક્ષતામાં 'જન કલ્યાણ શિબિર'નો પ્રારંભ થયો. આ પ્રસંગે તેમણે કહ્યું, ગત 12 વર્ષમાં સરકારની યોજનાઓએ દરેક વર્ગના લોકોમાં વિશ્વાસ અને સુખાકારીની અનુભૂતિ કરાવી છે.

કેન્દ્રીય રાજ્યમંત્રી શ્રીપદ નાયકે આજે સિલવાસામાં ભાજપના હોદ્દેદારો સાથે નમો મેડિકલ મહાવિદ્યાલયની મુલાકાત લીધી. જ્યારે મહેસાણામાં પ્રભારીમંત્રી પ્રવીણ માળીની ઉપસ્થિતમાં વિકસિત ભારત સંકલ્પ સંમેલન યોજાયું. તો, વલસાડના ધરમપુરના હનુમતમાળ ખાતે અને નવસારી ગ્રામ્ય તાલુકા સિસોદ્રા ગણેશ ગામની કુમાર શાળા ખાતે જનકલ્યાણ શિબિર યોજાઈ. તેમાં વિવિધ સરકારી યોજનાઓના લાભ અપાયા. ગીરસોમનાથના વેરાવળ ખાતે પ્રાકૃતિક પરિસંવાદ સહપ્રદર્શન યોજાયું.

તો ત્રિપુરાના રાજ્યસભા સાંસદ રાજીવ ભટ્ટાચાર્જી વડોદરામાં યોજાયેલી 'પ્રગતિપથ યાત્રા'માં જોડાયા અને એકતાનગરમાં સ્ટેચ્યૂ ઑફ યુનિટીની મુલાકાત લઈને સરદાર વલ્લભભાઈ પટેલને શ્રદ્ધાંજલિ આપી. આ ઉપરાંત મહીસાગરના બાલાસિનોર તાલુકાના વડદલા ગામમાં અને મોટા ખાનપુર પ્રાથમિક શાળા ખાતે જનકલ્યાણ શિબિર યોજાઈ.

# STATE WEATHER UPDATE

રાજ્યમાં આગામી ત્રણ દિવસ કેટલાક વિસ્તારમાં સામાન્ય વરસાદની શક્યતા છે. હવામાન વિભાગના પ્રાદેશિક નિયામક ડૉક્ટર એ. કે. દાસે કહ્યું, 18 જૂને પશ્ચિમી વિક્ષેપ સક્રિય થવાની આગાહીના કારણે આવતીકાલથી બે દિવસ દક્ષિણ ગુજરાતમાં હળવો વરસાદ થઈ શકે છે. સાથે જ ચોમાસા માટે હજી થોડી રાહ જોવી પડશે તેમ પણ શ્રી દાસે ઉમેર્યું.

**(BYTE: DR. A. K. DAS, DIRECTOR, IMD AHMEDABAD)**

# BHUJ PLAYER GOLD MEDAL

કચ્છ-ભુજના બે ખેલાડીએ સુરતમાં યોજાયેલી ગુજરાત સ્ટેટ પાવરલિફ્ટિંગ સ્પર્ધામાં સુવર્ણ ચંદ્રક જીત્યા. અમારા પ્રતિનિધિ હેમાંગ પટ્ટણી જણાવે છે, 20 વર્ષના દિવ્યાંગ ખેલાડી નિત્ય અશોક હાથીએ પગમાં તકલીફ હોવા છતાં બે હાથ બૅન્ચ પ્રેસમાં ભારે વજન ઉપાડી આ સિદ્ધિ મેળવી. સાથે જ 18 વર્ષનાં ખેલાડી ધારા શર્માએ પણ પાવરલિફ્ટિંગમાં સુવર્ણ ચંદ્રક જીતી રાજ્યનું નામ રોશન કર્યું છે.

# SASAN GIR VACATION

રાજ્યમાં આ વર્ષે વરસાદ ખેંચાતા પ્રવાસીઓની સુવિધા માટે ગીર અભયારણ્યમાં આગામી 22 તારીખે વેકેશન પડશે. સાસણ ગીરના વન અધિક્ષક અગ્નેશ્વર વ્યાસે આ અંગે કહ્યું સિંહદર્શનની સાથે રોજગારીને ધ્યાનમાં રાખી આ નિર્ણય કરાયો.

(BYTE AGNESHWAR VYAS)

# DIGITAL KRANTI GUJARAT

રાજ્ય સહિત દેશભરમાં ગત 12 વર્ષમાં ડિજિટલ ક્રાંતિનો નવો યુગ શરૂ થયો છે. રાજ્યસ્તરની બેન્કર્સ સમિતિના જણાવ્યા મુજબ, રાજ્યમાં અત્યાર સુધીમાં છ કરોડ 99 લાખ બચત ખાતાઓમાં ઓછામાં ઓછી એક ડિજિટલ બેન્કિંગ સુવિધા ઉપલબ્ધ છે. જ્યારે 63.19 ટકા ખાતાધારકો યુપીઆઈ, મોબાઈલ બેન્કિંગ અને USSD એટલે કે, ઇન્ટરનેટ વિના ફોનથી બેન્કિંગ સેવાઓ ઉપયોગ કરે છે.